"ગુજરાત સમાચાર"

મંગળવાર, તા.૭ ડિસેમ્બર, ૨૦૨૧

PGVCL

વિદ્યુત નિયમન આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સિટી,

ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ની સમક્ષ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

**જાહેર વિજ્ઞપ્તિ**

आज़ादी का अमृत महोत्सव

નીચેના સંદર્ભમાં:

અરજદાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રજી. & કોર્પોરેટ ઓફીસ, નાના મવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦૦૦૪ દ્વારા કેસ નં.૨૦૩૧/૨૦૨૧ થકી નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુ-અપ તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક રાજસ્વની જરૂરીયાત મંજૂર કરવા અને વીજદર નક્કી કરવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (બહુવર્ષીય ટેરીફ) વિનિયમનો, ૨૦૧૬ તેમજ વખતોવખતની માર્ગદર્શિકા અને નિર્દેશોને આધીન કરેલ છે.

**અરજદાર**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ(પીજીવીસીએલ), રજી. & કોર્પોરેટ ઓફીસ, નાના મવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦૦૦૪ એ રાજ્યના પશ્ચિમ ક્ષેત્રમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી કંપની છે.

**દરખાસ્ત:**

કંપની દ્વારા બહુવર્ષીય વીજદર નિયમનો હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુ-અપ તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક રાજસ્વની જરૂરીયાત મંજૂર કરવા અને વીજદર નક્કી કરવાની દરખાસ્ત કરેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે હયાત વિજદરમાં કોઈ ફેરફાર સૂચવેલ નથી. વર્ષ ૨૦૨૨-૨૩ ની આવક અંદાજવા માટે એફપીપીપીએ નો બેઝ રેટ રૂ.૧.૮૦ પ્રતિ યુનિટ આકારવા સૂચવેલ છે.

**સૂચનો/વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકા:**

ઉપરોક્ત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) જાહેરનામું ૨૦૦૪ ની જોગવાઈની રૂએ આથી સબંધિત વ્યક્તિઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી ઉપરોક્ત દરખાસ્ત પરત્વે સૂચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તારીખ ૦૬.૦૧.૨૦૨૨ સુધીમાં પ્રમાણિત મુસદ્દા પ્રમાણે સોગંદનામું કરીને પાંચ નકલમાં મોકલી આપવાની રહેશે તથા તેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે. સૂચનો/વાંધાઓ નોંધાવનાર પક્ષકારોએ તેમની રજૂઆતો સાથે સબંધિત પ્રમાણભૂત દસ્તાવેજો પણ રજૂ કરવાના રહેશે અને તેઓએ રૂબરૂ રજૂઆત કરવા ઈચ્છે છે કે કેમ તે દર્શાવવાનું રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટે:**

ઉપરોક્ત દરખાસ્તની નકલો પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ(પીજીવીસીએલ), રજી. & કોર્પોરેટ ઓફીસ, નાના મવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦૦૦૪ ની વડી કચેરીમાંથી મુખ્ય ઇજનેર પાસેથી અથવા તો પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડની અધિક્ષક ઇજનેર, વર્તુળ કચેરી માં રૂ.૨૦૦/- (રૂ. બસ્સો પુરા) પ્રતિ નકલ ભરપાઈ કરવાથી મેળવી શકાશે.
ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂ. ૫૦/- (રૂ. પચાસ પુરા) વધારાના સહિતની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના નામે મોકલવાના રહેશે.
ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબ સાઈટ www.guvnl.com તથા www.pgvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

સ્થળ: રાજકોટ

(વરુણકુમાર બરનવાલ) IAS

તારીખ:૦૬/૧૨/૨૦૨૧

MD (PGVCL)